પાટનગરથી અરવલ્લીની હારમાળા સુધી દર સોમવારે પ્રસિધ્ધ થતું સાપ્તાહિક

# ભારદ્વાજ ન્યુઝ

P.R.No. G. GNR. 505 Valid up to Dec. 2014
8441/2002

ભારદ્વાજ ન્યુઝ, ગુલાબપુરા, તા. માણસા જી. ગાંધીનગર
પ્રતિ,

તંત્રી : ભરત પંડ્યા BHARDWAJ NEWS (WEEKLY)

સહતંત્રી :જીતુ પંડ્યા,તા.૨૭- ૦૮- ૨૦૧૨ સોમવાર, વર્ષ :૧૧, અંક ૧૧ પાના ૪, કિંમત રૂ. ૧-૦૦

પ્રસિધ્ધી સ્થળ.:ગુલાબપુરા તા.માણસા જી.ગાંધીનગર. , મો.: ૯૪૨૮૦૪૯૪૯૯★રજી.કાર્યલય : સૃષ્ટી સ્ટૂડીયો, કોલેજ શોપીંગ,માણસા

ચિમનાબાઇ સરોવર મુદ્દે ઇજનેરોએ પિયતમંડળી સાથે બેઠક

## બેઠકમાં ખેડુતોએ સરોવર ના ભરાય તો કંઇ નહીં પણ તળાવો તો ભરો તેવી માંગણી કરી

**બી.ન્યૂઝ. ખેરાલુ. ચિમનાબાઇ સરોવરના રેસ્ટ હાઉસ ખાતે ગત રવિવારે ખેરાલુની પિયત મંડળી સાથે ધરોઇના ઇજનેરોએ ચિમનાબાઇ સરોવર મુદ્દે બેઠક યોજી હતી. જેમાં ઇજનેરોએ સરોવર ભરી શકાય તેમ નથી તેવો મત વ્યક્ત કરતાં ખેડુતોએ સરોવર ના ભરાય તો કંઇ નહીં પણ કમાન્ડ વિસ્તારમાં આવતા તળાવો ભરવા માંગણી કરી હતી.**

રાજકીય આંટીઘુંટીમાં અટવાયેલા ચિમનાબાઇ સરોવર ભરવના મુદ્દા ઉપર સરકારી સુચનાને આધારે પિયત મંડળીઓનો મત જાણવા ધરોઇના ઇજનેરોએ રવિવારની સાંજે સરોવરના કમાન્ડ વિસ્તારમાં રચાયેલી ખેડુતોની પિયત મંડળી સાથે ચિમનાબાઇ ખાતેના રેસ્ટ હાઉસમાં બેઠક યોજી હતી. આ સંદર્ભે બેઠકમાં હાજર રહેલાં ધરોઇના ઇજનેરો એન.વી કોટવાલ અને સહ ઇજનેર એમ.એમ. પટેલની સમક્ષ પિયત મંડળી દ્વારા સરોવર ભરવાની માંગણી કરાઇ હતી. જેમાં ઇજનેરોએ ભૌગોલિક સ્થિતિનું કારણ દર્શાવી હાલમાં સરોવર ભરી શકાશે નહીં તવો મત વ્યક્ત કરતાં પિયત મંડળીના ખેડુતોએ સરોવર ના ભરો તો કંઇ નહીં પરંતુ તેના કમાન્ડ વિસ્તારમાં આવતા તળાવો તો ભરો, તેવી માંગણી કરી હતી. જેમાં ઇજનેરોએ આ મુદ્દે સરકાર સમક્ષ ખેડુતનો માંગણી રજુ કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

### તળાવો ભરી સિંચાઇનો લાભ આપો

બેઠકમાં હાજર રહેલા ખેડુત અગ્રણી મુકેશભાઇ દેસાઇએ ચિમનાબાઇ સરોવરની કાચી કેનાલોના કમાન્ડ વિસ્તારમાં આવતા તળાવો ભરી તેનાં પાણી રવિ સિઝનમાં સિંચાઇ માટે આપવાની માંગણી કરી હતી. તેમની માંગણીને બેઠકમાં હાજર રહેલાં ખેરાલુની પિયત મંડળીના પ્રમુખ લાલજીભાઇ દેસાઇ અને મનભાઇ દેસાઇ, કેશભાઇ દેસાઇ વગેરે ખેડુતોએ દોહરાવી હતી.

### સરકારી આદેશથી બેઠક યોજાઇ

બેઠક અંગે પૂછતાં ધરોઇના ઇજનેર એન.વી. કોટવાલે ચિમનાબાઇ સરોવર ભરવા અગાઉ ખેડુતોએ કરેલી રીટને આધારે હાઇકોર્ટ કરેલા સંભવિત તપાસના આદેશોના ભાગરૂપે સરકાર તરફથી આદેશ મળતાં આ બેઠક યોજાઇ હોવાનું જણાવ્યું હતું અને ઉમેર્યુ હતું કે સરોવર ભરી શકાય તેમ ના હોવાથી ખેડુતોએ કરેલી તળાવો ભરવાની માંગણીનો અહેવાલ રાજ્ય સરકારને સોંપવામાં આવશે.

## ખેરાલુ નગર પાલિકાની ભરતી સામેની કાર્યવાહી ઝડપથી પુરી કરવાનો આદેશ કરતી હાઇકોર્ટ

**બી.ન્યૂઝ.ખેરાલુ.** ખેરાલુ નગર પાલિકાની વર્ષોથી ખાલી પડેલી ૨૭ જેટલી જગ્યાઓ ભરવા નગર પાલિકા નિયમાકે કેટલાંક નિયમો સાથે મંજુરી આપી હતી. જોકે પાલિકાએ નિયમાકના નિયમોનું ઉલ્લંઘન કરી ભરતી પ્રક્રિયા હાથધરતાં ભારે હોબાળો મચ્યો હતો અને મામલો કલેક્ટર સમક્ષ પહોંચતાં કલેક્ટર આર.કે. બેનીવાલે ભરતી કમિટિએ આ સંદર્ભમાં કરેલો ઠરાવ નંબર ૧ ક્ષતીવાળો હોવાથી ઉમેદવારોની લેખિત પરીક્ષા લેવાનું ઉચિત જણાતું હોવાનું જણાવી પાલિકાની આ ભરતીને અટકાવતો હુકમ કર્યો હતો. આ મુદ્દે ભરતી કમિટિના સદસ્ય પરમાર દશરથભાઇ રામજીભાઇએ કલેક્ટરના ભરતી અટકાવતા આદેશને હાઇકોર્ટમાં પડકાર્યો હતો. જેમાં અરજદાર તરફથી કરાયેલી દલીલોને ધ્યાને લઇ હાઇકોર્ટે પાલિકાની ભરતી પ્રક્રિયા સામે શરૂ કરાયેલી કાર્યવાહિ અગામી ૩૦મી ઓગષ્ટ સુધીમાં પુરી કરી તે અંગેનો અહેવાલ ૯મી સપ્ટેમ્બર સુધીમાં નગર પાલિકાને મોકલી આપવા આદેશ કર્યો હતો. જોકે કલેક્ટર તરફથી એજીપી અસ્મીતા પટેલે દલીલો કરી હતી અને એક માસની મુદતની માંગણી કરતાં હાઇકોર્ટે તેમની માંગણીને ગેર વ્યાજબી ગણાવી હતી.

## કલેક્ટરે નિયમ વિરૂધ્ધ થતી ભરતી અટકાવતાં હાઇકોર્ટે ૩૦મી ઓગષ્ટ સુધીમાં ભરતી સામેની કાર્યવાહિ પુરી કરવા જણાવ્યું

દહેજની માગણી કરી મારઝૂડ કરાતા

## સાગથળાની પરિણીતાની પતિ સહિત સાત સામે પોલીસ ફરિયાદ

**બી.ન્યૂઝ. ખેરાલુ. ખેરાલુ તાલુકાના સાગળથળામાં પરણાવેલી એક પરિણીતાને તેના પતિએ રૂપિયા ૨૦ હજારના દહેજની માંગણી ના સંતોષાતાં મારજુડ કરી ઘરમાંથી તગેડી મુકતાં પરિણીતાએ પતિ વગેરે સાત સાસરીયાં વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી.**

તાલુકાના પાન્છામાં રહેતા દેવીપૂજક ગાંડાભાઇ બનાભાઇની દિકરી ભાવનાબેનના લગ્ન આજથી ચાર વર્ષ અગાઉ સાગથળામાં રહેતા દેવીપૂજક જશભાઇ છનાભાઇ સાથે કરાયાં હતાં. જોકે શરૂઆતમાં સારૂ રાખતાં સાસરીયાંએ એકાદ વર્ષના લગ્ન જીવન બાદ તું તારા પિયરમાંથી કંઇ લાવી નથી તેમ કહી દોઢ વર્ષ પૂર્વે ઘરમાંથી તગેડી મુકી હતી. જેમાં સમાજના અગ્રણીઓએ વચ્ચે પડી સમાધાન કરાવતાં પરિણીતાને સાસરે તેડી જવાઇ હતી. જોકે સાસરે ગયાના ચાર માસ બાદ પતિ જશભાઇએ નવો ધંધો શરૂ કરવાની આડમાં પિયરથી રૂપિયા ૨૦ હજાર લઇ આવવાની માંગણી કરતાં પરિણીતાએ તેના પિતા અતી ગરીબ હોવાનું જણાવી પતિની માંગણીનો અસ્વિકાર કરતાં ઉશ્કેરાઇ ગયેલા પતિએ ગડદાપાટુનો માર મારી પરિણીતાને ઘરમાંથી તગેડી મુકતાં અંતે રોજરોજ કંકાસથી તંગ આવી ગયેલી પરિણીતાએ પતિ જશભાઇ તેમજ મધુબેન છનાભાઇ, છનાભાઇ ચેલાભાઇ, લખીબેન છનાભાઇ, પુંજાભાઇ ચેલાભાઇ, અમરતભાઇ ચેલાભાઇ, બળદેવભાઇ ચેલાભાઇ વગેરે સાત જણા વિરૂધ્ધ ખેરાલુ પોલીસ મથકે ફરિયાદ કરતાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ આદરી હોવાનું જણાવ્યું હતું.

## મલેકપુરની પ્રાથમિક શાળાના શિક્ષકે અચાર્ય વિરૂધ્ધ ફરિયાદ નોધાવી

બી.ન્યૂઝ. ખેરાલુ.ખેરાલુ પોલીસ મથકે નોંધાયેલી ફરિયાદ મુજબ તાલુકાના મલેકપુરમાં આવેલી કલ્યાણપુરા પ્રાથમિક શાળામાં માસીક ૫૩૦૦ના ઉચ્ચક વેતનથી શિક્ષક તરીકે ફરજ બજાવતા ઊંઝા તાલુકાના બ્રાહ્મણવાડામાં રહેતા પ્રજાપતિ અતુલકુમાર વલ્લભભાઇ ગત ૨૦મી જુલાઇના રોજ ધોરણ ૮ના વર્ગ ખંડમાં વિદ્યાર્થીઓને ભણાવી રહ્યાં હતા. ત્યારે શાળાના આચાર્ય ચૌધરી મહેશભાઇ પ્રહલાદભાઇએ શિક્ષકને ઓફિસમાં બોલાવી દારૂ પીવા માટે રૂપિયા ૫૦૦ની માંગણી કરી હતી. જેમાં શિક્ષકે પોતે હંગામી શિક્ષક હોવાથી ઓછા પગારને કારણે નાણાં આપવાની ના પાડતાં ઉશ્કેરાઇ ગયેલા આચાર્યએ ધોકા વડે હુમલો કરી શિક્ષકને ઢોર માર મારતાં ગંભીર ઇજા પામેલા શિક્ષકને સારવાર અર્થે અહીંની સિવિલમાં લવાયા હતા. જ્યાં ફરજ પરના તબીબે વધુ સારવાર અર્થે મહેસાણા રીફર કરતાં ઇજાગ્રસ્ત શિક્ષક છેલ્લા એક માસથી મહેસાણાની સિવિલમાં સારવાર મેળવી રહ્યાં છે. શિક્ષકને પગમાં પરૂ થઇ જતાં ઓપરેશન કરી પ્લાસ્ટીક સર્જરી કરવામાં આવી હતી. ત્યારે આ ઘટનાના એક માસ બાદ ઇજાગ્રસ્ત શિક્ષકે શાળાના આચાર્ય વિરૂધ્ધ ઉપર મુજબ ફરિયાદ નોંધાવતાં અનેક તર્ક વિતર્કો વહેતા થયા છે.